જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૫/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૩૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૨૬૧ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૩૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૯૪૦/૧૭

**સોલા હાઇકોર્ટ** : અમિતાબેન ડો/ઓ પ્રભાકરભાઇ સ્વેન (રહે,નંદનવન બંગ્લોઝ ઝાયડસ હોસ્પિટલ પાસે હેબતપુર રોડ સોલા) તા.૦૨/૦૫/૧૭ ના કલાક ૧૦/૪૫ વાગ્યાનાં સુમારે ઝાયડસ હોસ્પિટલ સામે આવેલ ગણેશ હાઉસિંગ બિલ્ડીંગની દિવાલ પાસે એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસેથી ચાલતાં પસાર થતાં હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અમિતાબેનનાં ગળામાંથી સોનાના પેંડલ સાથેની પ્લેટીનીયમની ચેઇન કિંમત રૂપીયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ અમિતાબેન સ્વેને સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૯૪૧/૧૭

**ગુજરાત યુનીવર્સીટી** : અજય રામનિવાસ ચાવલા (ઉ.વ.૨૭)(રહે.અર્પણ ફ્લેટ કેનાલ ઉપર વિરાટનગર ઓઢવ) એ ગુજરાત યુનીવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૦૩/૫/૧૭ નાં કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની વિજય ચાર રસ્તા, સુચીતા ફ્લેટ, ફર્સ્ટ ફ્લોર ઉપર આવેલ જય જલાર ટેક્નોલોજી પ્રા.લી.(કોર મોબાઈલ) નામની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનનાં ડ્રોવરમાં મુકેલ રોકડા રૂપિયા ૩,૭૦૦/- તથા સેલ્સ કાઉન્ટર ડિશપ્લેમાં મુકેલ ચાર મોબાઈલ ફોન કુલ કિંમત રૂપિયા ૬૦,૫૭૦/- મતાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પાલડી** : રાજેન્દ્રભાઇ જયંતભાઇ ભટ્ટ (રહે,ફાયર સ્ટેશન ક્વાર્ટસ વિજય ક્રોસ રોડ નવરંગપુરા) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૧૭ ના કલાક ૯/૩૦ થી બપોરનાં ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીઓની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી ચાંદીના સિક્કા અને ચાંદીના ગ્લાસ કુલ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.સીન્ધી ચલાવે છે.

**સેટેલાઇટ (૧)** : પંકજ જયકાંતપ્રકાશ યાદવ (રહે,સોપાન ફ્લેટ ન્યુ શ્રીજી રોડ ચાંદખેડા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૧૭ રાતના ૯/૦૦ થી તા.૩/૦૫/૧૭ નાં કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ શબરી કોમ્પલેક્ષના બેઝમેન્ટમાં આવેલ ગોકૂલ ગોરસ ભંડાર નામની પોતાની દુકાન નં.-૩ નું શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ટેબલ ડ્રોઅરનું લોક તોડી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**સેટેલાઇટ (૨)** : નીરવ અક્ષયભાઈ વોરા (રહે,કોનાર્ક કરીશ્મા ટાવર માનસી ચાર રસ્તા પાસે વસ્ત્રાપુર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૧૭ સાંજના ૬/૩૦ થી તા.૩/૦૫/૧૭ નાં કલાક ૮/૧૫ વાગ્યા દરમ્યાન નહેરુનગર શીરોમણી કોમ્પ્લેક્ષમા ત્રીજા માળે ૩૦૩ નંબરની સંઘવી વોરા એસોસીયેટ નામની પોતાની ઓફિસનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૯૪૨/૧૭**

**રખિયાલ** : રામચંન્દ્ર પરમેશ્વરભાઇ પાલ (રહે,ઉમીયા એસ્ટેટ ભિક્ષુકગૃહની બાજુમા ઓઢવ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૪/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીક પોતાની મહેન્દ્રા કંપનીની બોલેરો કેમ્પર ગાડી નંબર જીજે.૦૧.ઇ.ટી.૦૯૭૫ કિંમત રૂપિયા ૫,૫૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧/૦૫/૧૭ ના કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૯૪૩/૧૭**

**નરોડા** : કરણલાલ ભેરૂલાલ સુથાર (ઉ.વ.૩૨)(રહે.રામેશ્વર ફલેટ રામજી મંદિર પાસે, મહાદેવનગર રામોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૫/૧૭ ના કલાક ૯/૩૦ વાગ્યાનાં સુમારે નાના ચિલોડા પાસે જુના ઓક્ટ્રોય નાકા પાસે એક આઇવા ટ્રક નંબર જીજે.૦૧.સી.વાય.૯૫૬૩ નાં ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી, કરણલાલની મોટર સાયકલને ટક્કર મારતાં, મોટર સાયકલમાં પાછળ બેસેલ કરણલાલનાં મિત્ર દલીચંદ કેલજી સુથારને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં, દલીચંદનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૪૪/૧૭</u>**

**વટવા** : ખુશ્બુબેન વા/ઓ ધર્મેન્દ્રભાઈ કુશ્વાહ (ઉ.વ.૧૯)(રહે,શ્યામ સુંદરનગર ધર્મભૂમિની પાછળ, નારોલ વટવા) તા.૧૩/૧૨/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે રસોડામાં રસોઈ બનાવતી વખતે ગેસ સળગાવવા જતાં, માચીસનો એક તણખો કપડાં ઉપર પડતાં, કપડાં સળગવાથી તેમના શરીરે પેટના ભાગે અને બંને પગે તેમજ ડાબા હાથે ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા બાદમાં હોસ્પીટલમાંથી રજા લઈને તેના માતા-પિતાના નવજીવન સોસાયટી, બચુભાઈના કૂવા વટવા ખાતે લઈ ગયેલા. જ્યાં તા.૦૨/૦૫/૧૭ રાતના ૯/૦૦ વાગ્યે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ મ.પો.કમી.શ્રી “જે” ડીવીઝન નાઓ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૪૫/૧૭</u>**

**મણીનગર** : અરવિંદભાઈ મણિલાલ પટેલ (ઉ.વ.૬૦)(રહે,સુર્યમ રેસીડેંસી, વસ્ત્રાલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૧૭ બપોરના ૨/૪૦ વાગ્યાનાં સુમારે સ્વામીનારાયણ મંદિર પાર્કિંગમાં (નોકરીના સ્થળે) દવા પી લેતાં, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૫/૧૭ નાં કલાક ૧૦/૧૫ વાગે ફરજ પરનાં ડોકટર શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુભાઈ સોમાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)